GJPM050012232024

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૧/૦૮/૨૦૨૪ | | |
| રજી. તારીખ | ૨૧/૦૮/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૯ | ૨૮ |

**********************************************************

**શહેરાના મ્હે. એડી. ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટની અદાલત સમક્ષ,**
**મુકામ:– શહેરા.**

**********************************************************

**ક્રિમીનલ કેસ નંબર :– ૮૮૩/૨૦૨૪**

**આંક :–**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી : સુખીબેન ઉર્ફે કોકિલાબેન
ડો.ઓફ ભરતભાઈ ખાતુભાઈ ચૌહાણ,
ઉ.વ.આ.: ૩૫,
રહે.: ભદ્રાલા, તા. શહેરા,જી. પંચમહાલ.

**ગુન્હો :–** **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એ), ૬૫(ઈ) મુજબ.**

---

**સરકાર પક્ષ તરફે :: વિ.એ.પી.પી. શ્રી કે.એન.પરમાર**

**બચાવ પક્ષ તરફે :: વિ.વ. શ્રી આર.એલ.પરમાર**

---

**||| ઠ રા વ |||**

(૧) આ કામે ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૧૭/૦૨/૨૦૨૪ ના કલાક ૧૦/૪૫ વાગ્યે આ કામના આરોપી સુખીબેન ઉર્ફે કોકિલાબેન ડો.ઓફ ભરતભાઈ ખાતુભાઈ ચૌહાણ, ઉ.વ.આ.: ૩૫, રહે.: ભદ્રાલા, તા. શહેરા,જી. પંચમહાલ નાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના રહેણાંક ઘરમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના કવાટરાયા કુલ નંગ –૧૪૦ કિં.રૂા. ૧૫,૪૦૦/– નો પ્રોહી. મુદ્દામાલ રાખી પોલીસની રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એ), ૬૫(ઈ) મુજબ ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં સદરહુ ગુન્હાનુ ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીને અત્રેથી સમન્સની બજવણી બાદ તેઓ કોર્ટમાં રૂબરૂ હાજર થતા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭/ બી.એન.એસ.એસ.ની કલમ– ૨૩૦ અન્વયે તેઓને પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેવામાં આવતા તેઓએ ગુન્હા કબુલાત હકીકતનો ઈન્કાર કરતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ છે.

(૩) હાલનાં કેસમાં ફરીયાદપક્ષ તરફે તેમનાં કેસનાં સર્મથનમાં નીચે મુજબનાં પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

## <u>મૌખિક પુરાવા</u>

| ક્રમ | સાહેદોનાં નામ | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી અલ્પેશભાઈ નારણભાઈ કળોતરાની જુબાની | ૧૧ |
| ૦૨ | ત.ક.અમલદાર ઘનશ્યામભાઈ પુંજાભાઈ પરમારની જુબાની | ૧૩ |
| ૦૩ | પંચ સાહેદ સાગર સુભાષચંદ્ર ચૌહાણની જુબાની | ૧૫ |
| ૦૪ | પંચ સાહેદ મકસુદ સુલેમન હયાતની જુબાની | ૧૭ |

**દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | અસલ ફરીયાદ | ૧૨ |
| ૦૨ | અસલ પંચનામું | ૧૬ |

(૪) સદરહું કામે ફરીયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદ પક્ષના પુરાવા અંતે આરોપીનો ખુલાસો લેવો પડે તેવો પુરાવો ન હોય આરોપીનુ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩/ બી.એન.એસ.એસ.ની કલમ– ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વકીલશ્રી ઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ માંખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રીએ એવી દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપી વિરૂઘ્ઘ

ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોય, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬)** હાલનાં કેસમાં ઉપરોકત કાયદાકીય પરિસ્થિતી, હકીકતો તથા પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયીક નિર્ણય કરવાં માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– :: <u>મુદ્દા</u> :: –**

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૧૭/૦૨/૨૦૨૪ ના કલાક ૧૦/૪૫ વાગ્યે આ કામના આરોપી સુખીબેન ઉર્ફે કોકિલાબેન ડો.ઓફ ભરતભાઈ ખાતુભાઈ ચૌહાણ, ઉ.વ.આ.: ૩૫, રહે.: ભદ્રાલા, તા. શહેરા,જી. પંચમહાલ નાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના રહેણાંક ઘરમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના કવાટરાયા કુલ નંગ –૧૪૦ કિં.રૂા. ૧૫,૪૦૦/– નો પ્રોહી. મુદ્દામાલ રાખી પોલીસની રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એ), ૬૫(ઈ) મુજબ સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ છે ?

**(૨)** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં મારાં નિર્ણયો નિચે મુજબ છે.

**– :: <u>નિર્ણયો</u> :: –**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદ્દા નંબર – ૧</u> :-**

**(૮) આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબના સાહેદોને સોગંદ પર તપાસેલ છે.**

**(૮.૧)** આ કામે ફરીયાદ પક્ષ તરફથી ફરીયાદી મનુભાઈ લાખાભાઈને આંક : ૧૦ થી તપાસવામાં આવેલાં છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, ગત તા. ૧૭/૦૨/૨૦૨૪ ના રોજ તેઓ એલ.સી.બી. પો.સ્ટેશનમાં તેઓની ફરજ પર હાજર હતા તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે બાતમીના આધારે શહેરા તાલુકાના ભદ્રાલા ગામે રહેતી સુખીબેન ઉર્ફે કોકી ભારતભાઈ ચૌહાણના ઘરે તે ભારતીય બનાવટની વિદેશી દારૂ તેના ઘરે રાખી વેચાણ કરે છે જેથી નજીકમાંથી પંચો બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરી બાતમી વાળી જગ્યાએ રેડ કરતા એક ઈસમ હાજર મળી આવેલ નહી જેથી તેના ઘરમાંથી વિદેશી દારૂના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ-૧૪૦ કે જેની બજાર કીંમત રૂા. ૧૫,૪૦૦/- નો મળી આવેલ જે બાબતની ફરીયાદ કાયદેસર થવા તેઓએ પી.એસ.ઓ. રૂબરૂ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે જે આ કામે આંક-૧૨ થી રજુ કરેલ છે. આરોપીને તેઓ જોયેથી ઓળખતા હોવાનુ જણાવેલ છે.

તેઓએ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, કહેવાતી રેડ વાળી જગ્યાએ ઘણા બધા રહેણાંક મકાનો આવેલ

છે અને ત્યાં ઘણા બધા માણસોની અવર જવર થાય છે. એ વાત ખરી છે કે આરોપીના ઘરની માલિકી અંગેના કોઈ પુરાવા/ દસ્તાવેજો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, પેટ્રોલીંગમાં હતા તે દર્શાવતા આધાર પુરાવા રજુ નથી. એ વાત ખરી છે કે, આરોપી સ્થળ પરથી પકડાયેલ નથી. એ વાત ખરી છે કે, સરકારી વાહન લઈને ગયા હોય તો તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નથી કે લોગ બુક આ કામે રજુ કરેલ નથી.

(૮.૨) આ કામે ફરીયાદ પક્ષ તરફથી ત.ક.અમલદાર ઘનશ્યામભાઈ પુંજાભાઈ પરમારને આંક : ૧૩ થી તપાસવામાં આવેલાં છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં એવી હકિકત જણાવેલ છે કે, ગત તા. ૧૭/૦૨/૨૦૨૪ ના રોજ તેઓ એલ.સી.બી. પો.સ્ટેશનમાં તેઓની ફરજ પર હાજર હતા તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે બાતમીના આધારે શહેરા તાલુકાના ભદ્રાલા ગામે રહેતી સુખીબેન ઉર્ફે કોકી ભારતભાઈ ચૌહાણના ઘરે તે ભારતીય બનાવટની વિદેશી દારૂ તેના ઘરે રાખી વેચાણ કરે છે જેથી નજીકમાંથી પંચો બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરી બાતમી વાળી જગ્યાએ રેડ કરતા એક ઈસમ હાજર મળી આવેલ નહી જેથી તેના ઘરમાંથી વિદેશી દારૂના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ-૧૪૦ કે જેની બજાર કીંમત રૂા. ૧૫,૪૦૦/- નો મળી આવેલ જે બાબતની ફરીયાદ તેઓની સાથેના પો.કો. અલ્પેશભાઈ નારણભાઈ નાઓએ આપેલી અને આગળની તપાસ તેઓને મળતા તેઓએ તપાસ સંભાળી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને પંચનામા કરી રાખી આરોપી

વિરૂધ્ધ પુરતો પુરાવો પડતો હોય આરોપીની અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ અને આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ જોયેથી ઓળખતા હોવાનુ જણાવેલ છે.

તેઓએ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, રેડ વાળી જગ્યાએ ઘણા બધા રહેણાંકના મકાનો આવેલ છે. એ વાત ખરી છે કે, તેઓ ફરજ પર હાજર હતા તે દર્શાવતો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીના રહેણાંક મકાનની માલિકી અંગેના કોઈ પુરાવા/ દસ્તાવેજો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, રેડમાં જવા માટે પ્રાથમિક પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીને સ્થળ પર પકડેલ નથી. એ વાત ખરી છે કે, સરકારી વાહન લઈને ગયા હોય તે બાબતે કોઈ સ્ટેશન ડાયરીની નોંધ અને લોગ બુક આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, બનાવની જગ્યા એ ઘણા બધા રહેણાંકના મકાનો આવેલ છે. એ વાત ખરી છે કે, રેડમાં જવા માટે કોઈ ઝડતી વોરંટ મેળવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીને સ્થળ પર પકડેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસ સ્ટાફના માણસો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે, એફ.એસ.એલ. અધિકારીનો કોઈ જવાબ આ કામે લીધેલ નથી. એ વાત ખરી છે કે, ઉત્પાદન કરનાર કંપનીના કોઈ જવાબદાર માલિકનો જવાબ આ કામે લીધેલ નથી.

(૮.૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી પંચ સાહેદ સાગર સુભાષચંદ્ર ચૌહાણને આંક : ૧૫ થી તથા પંચ સાહેદ મકસુદ સુલેમન હયાતને આંક : ૧૭ થી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમનાં

સોગંદ પરનાં પુરાવામાં તેઓએ માત્ર આંક : ૧૬ નાં પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ મહત્વની હકિકતને સર્મથન આપતો પુરાવો નહી આપતાં હોય અને પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ જાતની માહીતી નહી હોવાનું જણાવતાં હોય તેથી તેઓની જુબાનીમાં રજુ થયેલ પંચનામુ પુરવાર થયેલાનું માની શકાય નહી.

(૯) ફરીયાદ પક્ષના મહત્વના પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય વધુ કોઈ સાહેદ તપાસવામા આવેલ નથી. ફરીયાદીના પુરાવાને પંચસાહેદો સમર્થન કરતા નથી. ફરીયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો તપાસ દરમ્યાન મેળવેલ નથી જેથી ફરીયાદ પક્ષે પ્રોહી. મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવેલ હોય તેવુ ચોકકસપણે પુરવાર થતુ નથી.

(૧૦) વધુમાં પ્રોહીબીશનનાં કાયદાની ચોકકસ અમલવારી માટે તેમજ પંચ સાહેદો બાબત અને જયારે આવો કોઈ પ્રોહીબીશન સંબંધેનો મુદ્દામાલ મળી આવે ત્યારે સેમ્પલ મેળવવાની કાર્યવાહી બાબતમાં અલાયદાં નિયમો ઘડવામાં આવેલ છે પરંતુ ત.ક.અધિ.શ્રીએ તે અન્વયે કાર્યવાહી કરેલ નથી તેમ જણાય છે અને બનાવનાં સંજોગો તથા જે રીતે પ્રોહીબીશનનો મુદ્દામાલ મળી આવેલાનું અને આરોપી પક્ષની સંડોવણી હોવાનું રજુ થયેલ છે તે અન્વયે પ્રોહીબીશનનાં કાયદાની ચોકકસ અમલવારી સંબંધે ઘડવામાં આવેલ નિયમોને આધીન રહી સેમ્પલ વિગેર માટેની કાર્યવાહી થયેલ નથી તે સંજોગોમાં અને ઉપરોકત વિગતોએ સ્વતંત્ર સાહેદો થકી ફરીયાદ પક્ષનાં કેસની હકિકતોને નિ:શંકપણે સ્વીકારી

શકાય તેવો સચોટ પુરાવો રેકર્ડે રજુ થયેલ ન હોય મુદા નંબર : ૦૧ નો નિર્ણય આથી નકારમાં ઠરાવી મુદા નંબર : ૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–::: <u>આ ખ રી  હુ ક મ</u> :::–**

(૧) આ કામનાં આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૧)/ બી.એન.એસ.એસ.ની કલમ : ૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ), ૬૫(ઈ) અન્વયે સજાને પાત્ર ગુનામાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭ (એ)/ બી.એન.એસ.એસ.ની કલમ : ૨૭૧(૧) અન્વયે આરોપીના જામીન ખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદૃ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ: ૧૭/૦૬/૨૦૨૬** **(બી.એચ.ઓડેદરા)**

**સ્થળ: શહેરા** એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, શહેરા.

**કોડ નં.–જી.જે.૦૦૮૦૪**